

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT  ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર  Mo- 9016924808  સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 48,(SURAT), DATE-20/05/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૪૮, (સુરત), તા.૨૦/૦૫/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 'બારદાન'ની અછતનું તંત્રનું રટણ, ૧ મહિનામાં માત્ર ૪ ખેડૂતો પાસેથી ખરીદી!

3 અમરેલી જિલ્લાના પેટ્રોલ પંપો પર 'નો સ્ટોક'ના બોર્ડ લાગ્યા: કેરબા લઈને લાઈનમાં ઊભા રહ્યા ખેડૂતો

4 કોસંબા નજીક નહેરમાં ડૂબેલા યુવકનો મૃતદેહ મળ્યો:ઉકાઈ જમણા કાંઠાની નહેરમાં નહાવા પડ્યો હતો, કોસંબા પોલીસ તપાસ કરશે


## જરૂર પડે તો હડકાયા કૂતરાઓને દયા મૃત્યુ આપો... સુપ્રીમ કોર્ટે ડોગ લવર્સની અરજીઓ ફગાવી

દેશભરમાં કૂતરા કરડવાના બનાવો અને માસૂમ બાળકો તેમજ વૃદ્ધો પર થઈ રહેલા જીવલેણ હુમલા અંગે સુપ્રીમ કોર્ટે આજે એક અત્યંત કડક અને મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે નવેમ્બર ૨૦૨૫ના જૂના આદેશમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે, જેમાં સ્કૂલ-કોલેજ, હોસ્પિટલ, બસ-રેલવે સ્ટેશન સહિતના જાહેર સ્થળો પરથી રખડતા કૂતરા હટાવીને શેલ્ટર હોમમાં મોકલવાનો આદેશ અપાયો હતો.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્ય કાંતની બેન્ચે આકરું વલણ અપનાવતા કહ્યું કે, કોર્ટ દેશની આવી ગંભીર અને કડવી વાસ્તવિકતા સામે આંખો બંધ રાખી શકે નહીં. રખડતા કૂતરાના હુમલા હવે દેશમાં એક ગંભીર પબ્લિક સેફ્ટીનો મુદ્દો બની ગયા છે. દેશભરમાંથી એવા અહેવાલો આવી રહ્યા છે જ્યાં નાના બાળકોને કૂતરાઓએ ફાડી ખાધા હોય, વૃદ્ધો પર જીવલેણ હુમલા થયા હોય અને ભારત ફરવા આવેલા વિદેશી પ્રવાસીઓ પણ આનો ભોગ બન્યા હોય. ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ એટલી ખરાબ છે કે રખડતા કૂતરાઓનો ત્રાસ હવે એરપોર્ટ અને હાઈપ્રોફાઈલ રેસિડેન્શિયલ એરિયા સુધી પહોંચી ગયો છે.



**ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ એટલી ખરાબ છે કે રખડતા કૂતરાઓનો ત્રાસ હવે એરપોર્ટ અને હાઈપ્રોફાઈલ રેસિડેન્શિયલ એરિયા સુધી પહોંચી ગયો છે.**

કોર્ટે સરકાર અને તંત્રની નબળી કામગીરી પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે ટિપ્પણી કરી કે જમીન પર જાણે જંગલરાજ ચાલી રહ્યો હોય તેવું લાગે છે, જ્યાં સમાજના નબળા અને માસૂમ લોકોને રખડતા શ્વાનની સામે પોતાનો જીવ બચાવવા એકલા છોડી દેવામાં આવ્યા છે. કાયદાકીય તંત્ર હોવા છતાં સરકારો માત્ર તમાશો જોઈ શકે નહીં. સુપ્રીમ કોર્ટે આ ચુકાદામાં ભારતીય બંધારણના આર્ટીકલ ૨૧ની નવી અને મજબૂત વ્યાખ્યા આપી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, દેશના દરેક નાગરિકને જાહેર જગ્યાઓ પર કોઈ પણ પ્રકારના શારીરિક હુમલા અથવા કૂતરા કરડવાના ભય વિના મુક્તપણે હરવા-ફરવાનો સંપૂર્ણ અધિકાર છે, અને આ અધિકાર આર્ટિકલ ૨૧ હેઠળ જીવન જીવવાના મૂળભૂત અધિકારનો જ એક ભાગ છે. શ્વાન પ્રેમીઓ કે સંગઠનો દ્વારા આ આદેશમાં રાહત આપવાની માગણીને કોર્ટે સખત શબ્દોમાં નકારી કાઢી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સાર્વજનિક સ્થળો પરથી રખડતા કૂતરા હટાવીને તાત્કાલિક એનિમલ શેલ્ટર હોમ્સમાં શિફ્ટ કરવાનો અગાઉનો આદેશ યથાવત્ રહેશે અને તેમાં કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં.

## ૧૮ મહિનામાં એઆઈને કારણે અનેક નોકરીઓ બદલાશે અથવા ઓટોમેટ થશે



**એઆઈને લઈને એન્થ્રોપિકના સીઈઓ સહિત અનેક ટેક દિગ્ગજોએ આગાહી કરી છે કે, એઆઈ આવનારા વર્ષોમાં લાખો વ્હાઈટ કોલર નોકરીઓને અસર કરી શકે છે.**

કેલિફોર્નિયા : આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે માત્ર ચેટબોટ કે ડિજિટલ સહાયકની ભૂમિકા સુધી સીમિત નથી રહ્યું. વિશ્વની સૌથી મોટી ટેક કંપનીઓમાંની એક માઈક્રોસોફ્ટના એઆઈ ચીફ મુસ્તફા સુલેમાને ચેતવણી આપી છે કે, આગામી ૧૨થી ૧૮ મહિનામાં અનેક વ્હાઇટ-કોલર નોકરીઓ એઆઈને કારણે સંપૂર્ણપણે બદલાઈ શકે છે અથવા ઓટોમેટ થઈ શકે છે.

સુલેમાને જણાવ્યું કે, કાયદા, એકાઉન્ટિંગ, માર્કેટિંગ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને અન્ય કમ્પ્યુટર આધારિત ઓફિસ નોકરીઓ સૌથી વધુ જોખમ હેઠળ છે. એઆઈ હવે માત્ર સહાયક ના રહીને સંપૂર્ણ કામ સંભાળતી સિસ્ટમ તરફ આગળ વધી રહ્યું છે. કમ્પ્યુટર સામે બેસીને કરવામાં આવતી નોકરીઓ ૧૨થી ૧૮ મહિનામાં એઆઈ દ્વારા ઓટોમેટ થઈ શકે છે. એઆઈ ઝડપથી હ્યુમન-લેવલ પરફોર્મન્સ તરફ આગળ વધી રહ્યું છે. ભવિષ્યમાં વ્યક્તિગત જરૂરિયાત મુજબ અલગ એઆઈ મોડલ બનાવવું બ્લોગ લખવા જેટલું સરળ બની જશે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં મેટા, માઈક્રોસોફ્ટ સહિત અનેક મોટી ટેક કંપનીઓએ હજારો કર્મચારીઓની છટણી કરી છે. આ સાથે જ તેમણે એઆઈમાં અબજો ડોલરનું રોકાણ વધાર્યું છે. એઆઈને લઈને એન્થ્રોપિકના સીઈઓ સહિત અનેક ટેક દિગ્ગજોએ આગાહી કરી છે કે, એઆઈ આવનારા વર્ષોમાં લાખો વ્હાઈટ કોલર નોકરીઓને અસર કરી શકે છે.

## રાજ્યમાં ગરમી યથાવત, ઘણા શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી નોધાઈ શકે



અમદાવાદ- અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ગરમીથી હાલાકી અનુભવી રહેલા લોકોને આવતીકાલથી થોડી રાહત મળી શકે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આવતીકાલથી રાજ્યના તાપમાનમાં ધીમે ધીમે ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. આજે રાજ્યમાં ગરમી યથાવત રહેશે તથા ઘણા શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ શકે છે.

અમદાવાદમા છેલ્લાં ૫ વર્ષમાં મે મહિનાની ગરમીએ રેકોર્ડ તોડ્યો છે. આજે રાજ્યમાં હીટવેવ અંગે કોઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું નથી. જોકે દરિયાકાંઠાના જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાવાની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી સાત દિવસ એટલે કે ૧૯થી ૨૫ મે દરમિયાન રાજ્યમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે.આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તાપમાનમાં ધીમે-ધીમે ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાઈ શકે છે. અમદાવાદમાં આજે આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેશે અને તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. હાલમાં ઉત્તર પાકિસ્તાન અને જમ્મુની આસપાસ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે અને રાજ્યમાં પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાઈ રહ્યો છે.

## બારડોલી નગરપાલિકામાં ભાજપનું શાસન:વિજેતાઓની પ્રથમ સભા યોજાઈ, પ્રમુખ પદે નીલમબેન વ્યાસ અને ઉપપ્રમુખ પદે મીનેશ પટેલની વરણી



બારડોલી : બારડોલી નગરપાલિકામાં ભાજપના વિજેતાઓની પ્રથમ સભા યોજાઈ હતી. જેમાં પ્રમુખપદે નીલમબેન વ્યાસ અને ઉપપ્રમુખપદે મીનેશ પટેલની વરણી કરવામાં આવી હતી. જયારે કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે જૈનિશ ભંડારી, ડો.ભાવિંતકાંત ચૌધરીને બારડોલી નગર પાલિકાના દંડક તરીકે, શ્રી બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટના મંત્રી અમરસિંહ પ્રતાપસિંહ સોલંકીની શાસકપક્ષ નેતા તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

**બારડોલી-**બારડોલી નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં વિજય બાદ વિજેતા સભ્યોની પ્રથમ સભા યોજાઈ હતી. આ સભામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા મોકલવામાં આવેલા મેન્ડેટના આધારે પાલિકાના વિવિધ હોદ્દાઓ પર પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

નગરપાલિકાની પ્રથમ ૨.૫ વર્ષની ટર્મ માટે પ્રમુખ પદ અનામત હોવાથી, પક્ષ દ્વારા મહિલા આગેવાન નીલમબેન વ્યાસની પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી છે. પક્ષના મેન્ડેટ મુજબ નીલમબેન વ્યાસ આગામી ૨.૫ વર્ષ સુધી પ્રમુખ પદ સંભાળશે. જ્યારે ઉપપ્રમુખ તરીકે મીનેશ પટેલની નિમણૂક કરવામાં આવી છે.

પ્રમુખ અને ઉપપ્રમુખની સત્તાવાર ચૂંટણી પ્રક્રિયા સ્થાનિક પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં હાથ ધરવામાં આવી હતી. ભાજપ દ્વારા મેન્ડેટ રજૂ કરાયા બાદ આ પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. આ સાથે જ પાલિકાના વહીવટને વેગ આપવા માટે અન્ય મહત્વના હોદ્દેદારોની પણ નિમણૂક કરવામાં આવી હતી.

નવી બોડીની રચના થતા જ પાલિકા પરિસરમાં ઉપસ્થિત કાર્યકરો અને સમર્થકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. નવનિયુક્ત પ્રમુખ નીલમબેન વ્યાસ અને ઉપપ્રમુખ મીનેશ પટેલે પક્ષના મોવડીમંડળનો આભાર માનતા જણાવ્યું હતું કે, તેઓ આગામી સમયમાં બારડોલી શહેરના વિકાસકાર્યોને વધુ ગતિશીલ બનાવશે.

## સાયકલ પર ટ્યુશનથી લઈને કરોડોના સામ્રાજય સુધી...: ફ્રચ્વપેપર લીક કેસમાં 'M સર'ની CBI દ્વારા ધરપકડ



દેશભરમાં ચર્ચાસ્પદ બનેલા NEET UG 2026 પેપર લીક કૌભાંડમાં સીબીઆઈએ મોટી કાર્યવાહી કરી છે. મહારાષ્ટ્રના લાતુર સ્થિત જાણીતી કોચિંગ ઇન્સ્ટિટ્યૂટ 'RCC ક્લાસીસ' (રેણુકાઈ કરિયર સેન્ટર)ના સ્થાપક શિવરાજ મોટેગાંવકરની CBI દ્વારા ધરપકડ કરવામાં આવી છે. નીટ પેપર લિક કેસમાં સીબીઆઈ દ્વારા આ ૧૦મી ધરપકડ છે. મોટેગાંવકર મહારાષ્ટ્રના કોચિંગ જગતમાં M Sir(એમ સર) તરીકે પણ ખૂબ જાણીતા છે. સીબીઆઈના જણાવ્યાનુસાર, એક અઠવાડિયામાં બીજી વખત પૂછપરછ કર્યા બાદ રવિવારે મોટેગાંવકરની ધરપકડ કરાઈ હતી. તપાસ એજન્સીનો આરોપ છે કે ૩ મેના રોજ લેવાયેલી NEET UG પરીક્ષા યોજાય તે પહેલા જ પ્રશ્નપત્રો લીક કરવા અને તેને ફેલાવવાના નેટવર્કમાં મોટેગાંવકર ૧સક્રિય સભ્ય તરીકે સામેલ હતા. સીબીઆઈએ એ કોચિંગ ક્લાસ દ્વારા પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓમાં 'ગેસ ક્વેશ્ચન્સ' (અંદાજિત પ્રશ્નો) તરીકે વહેંચવામાં આવેલા કેમિસ્ટ્રીના ૪૨ પ્રશ્નોની તપાસ હાથ ધરી છે. જે લીક થયેલા પેપરના ભાગો સાથે આબેહૂબ મળતા આવે છે. આ સિવાય, તાજેતરમાં એક વીડિયો પણ વાઇરલ થયો હતો, જેમાં મોટેગાંવકર વિદ્યાર્થીઓને પૂછી રહ્યા હતા કે રેણુકાઈ કરિયર સેન્ટરની મોક ટેસ્ટમાંથી કેટલા પ્રશ્નો અસલી NEET પેપરમાં આવ્યા હતા, જેના જવાબમાં વિદ્યાર્થીઓએ મોટા ભાગના પ્રશ્નો આવ્યા હોવાનું જણાવ્યું હતું. મોટેગાંવકર સામેની કાર્યવાહીમાં આ વીડિયો મહત્ત્વનો પુરાવો સાબિત થયો હોવાનું કહેવાય છે.

આ તપાસ દરમિયાન ૧૪ મેના રોજ મોટેગાંવકરના લાતુર સ્થિત નિવાસસ્થાનેથી તેમનો મોબાઈલ ફોન જપ્ત કરાયો હતો, જેમાં લીક થયેલા પ્રશ્નો મળી આવ્યા હતા.







ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સરકારી પોલિટેકનિકમાં ડિપ્લોમા પ્રવેશ માટે સેમિનાર

# ૨૦૨૬-૨૭ બેચની ઓનલાઈન પ્રક્રિયાની માહિતી અપાશે

બારડોલી- કન્યાઓ માટેની સરકારી પોલિટેકનિક, અઠવાગેટ ખાતે ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર ૨૬ મે, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કોલેજના વિવેકાનંદ હોલ ખાતે યોજાશે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વર્ષ ૨૦૨૬-૨૭ માટેના ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા સંબંધિત સંપૂર્ણ માહિતી પૂરી પાડવાનો છે. પ્રવેશ સમિતિના અધિકારીઓ દ્વારા ઉમેદવારો અને વાલીઓને પ્રવેશ પ્રક્રિયાના ક્રમિક પગલાં સમજાવવામાં આવશે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે.

કન્યાઓ માટેની સરકારી પોલિટેકનિક કોલેજના નોડલ ઓફિસર અને આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને આ નિ:શુલ્ક સેમિનારનો મહત્તમ લાભ લેવા અપીલ કરી છે. આ સેમિનારમાં પ્રવેશ પ્રક્રિયાની તમામ વિગતો વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## સાયલામાં ટેકાના ભાવે ઘઉંની ખરીદીનો ફિયાસ્કો:

# 'બારદાન'ની અછતનું તંત્રનું રટણ, ૧ મહિનામાં માત્ર ૪ ખેડૂતો પાસેથી ખરીદી!



: સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં સરકારી ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ ન થતાં સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગત ૨૨ એપ્રિલથી ખરીદી પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવી હોવા છતાં, આજે આખો મહિનો વીતી જવા આવ્યો તોય જવાબદાર તંત્ર ઠાગાઠૈયા કરી રહ્યું છે.

સાયલા પંથકમાં કુલ ૧૧૦ જેટલા ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ કરવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે એક મહિનામાં માત્ર ૪ જ ખેડૂતો પાસેથી ઘઉંની ખરીદી કરવામાં આવી છે. પુરવઠા વિભાગ પાસે ઘઉં ભરવા માટે 'બારદાન' (કોથળા) ન હોવાનું ગાણું ગવાઈ રહ્યું છે, જેને કારણે જગતનો તાત કાળઝાળ ગરમીમાં મુશ્કેલીમાં મુકાયો છે. ઘઉંનું વેચાણ ન થતાં ખેડૂતો આર્થિક સંકટમાં સપડાયા છે અને આગામી ચોમાસુ સીઝન માટે ખાતર, બિયારણની ખરીદી કે નવા વાવેતરનું આયોજન પણ કરી શકતા નથી.

ભરતભાઈ નામના ખેડૂતે કહ્યું કે, 'ઘઉંની ટેકાના ભાવે ખરીદી ૨૨ એપ્રિલથી ચાલુ થઈ ગઈ છે પરંતુ સાયલા તાલુકામાં માત્ર ૪ ખેડૂતો પાસેથી જ ઘઉં લેવામાં આવ્યા છે. બાકીના લોકો ધક્કા ખાઈ રહ્યા છે. આવનાર સીઝનનું ખાતર-બિયારણ લેવા માટે પણ આયોજન થઈ શકતું નથી. બારદાન ન હોવાનું જાણવા મળ્યું છે. તેથી ખરીદી અટકી પડી છે. તો ઝડપથી આ સમસ્યાનું સમાધાન આવે અને ખેડૂત હાલ આર્થિક તંગીની પરેશાન થઈ રહ્યો છે તો વહેલી તકે ખરીદી શરૂ થાય તેવી માગ છે.'

વનરાજભાઈ નામના ખેડૂતે કહ્યું કે, 'એક મહિનો થવા આવ્યો છતાં બારદાનના વાંકે બાકી છે તે ખેડૂતોની ખરીદી શરૂ કરી નથી. તો ખેડૂતોએ મહામહેનતે ઉપજ લીધી હોય અને જરૂરિયાત હોય ત્યારે માલ ન વેચાવવાથી તકલીફ વેઠવાનો વારો આવ્યો છે.'

એક તરફ સરકાર ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ સાયલાનું વહીવટી તંત્ર સામાન્ય બારદાનની વ્યવસ્થા પણ કરી શકતું નથી, જે વહીવટી લાપરવાહીની ચાડી ખાઈ છે. જો ૨૨ એપ્રિલથી ખરીદી શરૂ કરવાની જાહેરાત થઈ હતી.

## કામરેજમાં ક્રિકેટ રમતા યુવકનું વીજ કરંટથી મોત

# સુરતના ૨૯ વર્ષીય યુવકનો હાથ દીવાલના તારને અડકતા કરૂણાંતિકા




કામરેજ- સુરતના ડીંડોલીના ૨૯ વર્ષીય યુવકનું કામરેજના મોરથાણા ગામમાં ક્રિકેટ રમતી વખતે વીજ કરંટ લાગવાથી મૃત્યુ થયું છે. સોમનાથ રમેશ તળાવડેકર નામના યુવકનો હાથ દીવાલ પરના લોખંડના તારને અડી જતાં આ કરૂણાંતિકા સર્જાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સોમનાથ તળાવડેકર પોતાના મિત્રો સાથે કામરેજના મોરથાણા ગામની સીમમાં આવેલા સિલ્વરઅંબર લેન્ડ ફાર્મ નંબર ૪માં ફરવા ગયો હતો. તેઓએ ફાર્મ હાઉસમાં રાત્રી રોકાણ કર્યું હતું.

બીજા દિવસે સવારે, તમામ મિત્રો ફાર્મના ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમી રહ્યા હતા. બોલ પકડવા માટે સોમનાથ દોડ્યો હતો અને તે દરમિયાન તેનો હાથ અચાનક ફાર્મની દીવાલ પર બાંધેલા લોખંડના તારને અડી ગયો હતો. આ તારમાં અકસ્માતે વીજ પ્રવાહ પસાર થતો હોવાથી સોમનાથને કરંટ લાગ્યો હતો અને તે તાર સાથે ચોંટી ગયો હતો. ત્યારબાદ તે જમીન પર પટકાઈને બેભાન થઈ ગયો હતો.

ગભરાયેલા મિત્રો તેને તાત્કાલિક કામરેજની લાઈફ કેર હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના અંગે કામરેજ પોલીસે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક સોમનાથ રમેશ તળાવડેકર સુરતના ડીંડોલી, કરડવા રોડ પાસે, સુમુલ સર્કલ નજીક, પ્રયોશા બિલ્સના બિલ્ડીંગ નંબર E-૧, ફ્લેટ નંબર ૫૦૪ માં રહેતો હતો.

# સુરત ગ્રામ્ય LCB એ દારૂ ભરેલી કાર ઝડપી: એક આરોપી ઝડપાયો, ત્રણ વોન્ટેડ, રૂ. ૫.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત




કામરેજ-સુરત ગ્રામ્ય LCBએ કામરેજ વિસ્તારમાંથી વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ભરેલી હ્યુન્ડાઈ i૨૦ કાર ઝડપી પાડી છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત રૂ.૫.૭૧ લાખથી વધુ છે.

સુરત રેન્જ આઈ.જી. પ્રેમવીર સિંહ અને ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક અક્ષેશ એન્જીનીયરની સૂચનાથી સુરત ગ્રામ્ય જિલ્લામાં પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એલ.સી.બી. પી.આઈ. એન.જી. પાંચાણીના માર્ગદર્શન હેઠળ હાઈવે પર દારૂની હેરાફેરી રોકવા ટીમો કાર્યરત હતી. આ દરમિયાન એલ.સી.બી.ના પી.એસ.આઈ. એ.એન. ચૌહાણની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ વિક્રમ સગરામભાઈ અને રાજેશ બળદેવભાઈને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી. બાતમી મુજબ, વ્યારાના ઘાટા ગામથી એક હ્યુન્ડાઈ આઈ-૨૦ કાર વિદેશી દારૂનો જથ્થો ભરીને કડોદ અને વિહાણ ચોકડી થઈ કામરેજ ચાર રસ્તા તરફ આવી રહી હતી.

આ બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે તાત્કાલિક કામરેજ ગામે ગોપનાથ હોટલની સામે નાકાબંધી ગોઠવી હતી. શંકાસ્પદ કાર આવતા જ તેને રોકીને તલાશી લેવામાં આવતા તેમાંથી વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે કાર ચાલક નિર્મલ રાયસીંગ ચૌધરી (ઉં.વ. ૩૨, ધંધો- ડ્રાઈવીંગ, રહે. રૂપણ ગામ, વડી ફળીયું, તા. માંડવી, જી. સુરત) ની ધરપકડ કરી છે. મુદ્દામાલ કામરેજ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં આ ગુનામાં સંડોવાયેલા અન્ય ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે. જેમાં સુરેશ (રહે. કડોદરા, તા. પલસાણા, જી. સુરત) દારૂનો જથ્થો ભરાવનાર, ઘાટા, તા. વ્યારાનો અજાણ્યો ઈસમ કારમાં દારૂનો જથ્થો ભરી આપનાર અને ઉર્મીત લાભુભાઈ કથીરીયા (રહે. મોટા વરાછા, સુરત શહેર) દારૂનો જથ્થો મંગાવનાર તરીકે સામેલ છે.

## વિદેશ પ્રવાસ અને રેલીઓનો ખર્ચ ગરીબો પાસેથી વસૂલાય છે...પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારા મુદ્દે કોંગ્રેસનો કટાક્ષ



દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ એક વખત ભડકો થતાં સામાન્ય જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે. ચાર દિવસમાં બીજી વખત સરકારે ઇંધણના ભાવમાં વધારો ઝીંકતા વિપક્ષે કેન્દ્ર સરકાર વિરુદ્ધ મોરચો ખોલ્યો છે. કોંગ્રેસથી લઈને સમાજવાદી પાર્ટી સુધીના તમામ પક્ષોએ પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતોને મુદ્દે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

ઇંધણના ભાવવધારા અંગે કોંગ્રેસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર પોસ્ટ કરીને સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસે લખ્યું કે, જનતા પર 'મોંઘવારી મેન'નો હંટર વધુ એકવાર ચાલ્યો છે અને આજે ફરી પેટ્રોલ-ડીઝલ અંદાજે ૯૦ પૈસા મોંઘું કરી દેવાયું છે. છેલ્લા ૪ દિવસમાં જ ભાવમાં ૪ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે, જેના કારણે હવે દેશમાં પેટ્રોલ ૧૦૯ રૂપિયા અને ડીઝલ ૯૬ રૂપિયાના સ્તરે પહોંચી ગયું છે. કોંગ્રેસે તંજ કસતા ઉમેર્યું કે આ તો માત્ર શરૂઆત છે, ચૂંટણીઓ પૂરી થઈ ગઈ હોવાથી હવે જનતા પાસેથી વધુ વસૂલાત કરવામાં આવશે.

બીજી તરફ, કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ પણ સરકારની નીતિઓ આડે હાથ લેતા જણાવ્યું હતું કે, પીએમના મોંઘા વિદેશ પ્રવાસોનો ખર્ચ હોય કે ચૂંટણી રેલીઓમાં ભીડ ભેગી કરવાનો ભારેભરખમ ખર્ચ, આ તમામની વસૂલાત આખરે દેશની ગરીબ જનતાના ખિસ્સામાંથી જ કરવામાં આવી રહી છે.

સમાજવાદી પાર્ટીના નેતા રાજીવ રાયે પણ આ મુદ્દે ભાજપ સરકાર પર કટાક્ષ કર્યો છે. તેમણે જણાવ્યું કે આજે ફરી પેટ્રોલ-ડીઝલના ભાવમાં અંદાજે એક રૂપિયાનો વધારો કરાયો છે. રાયે સવાલ ઉઠાવ્યો કે, જે ભાજપના નેતાઓ અને મંત્રીઓ થોડા દિવસ પહેલાં એક દિવસનો ડ્રામા કરવા માટે ઓટો-રિક્ષામાં ફરતા હતા, તેઓ અત્યારે પણ ઓટો-રિક્ષામાં મુસાફરી કરે છે .

## સાપુતારા ટેબલ પોઈન્ટ પર કાર અકસ્માત; સુરતના ૭ પ્રવાસીઓનો આબાદ બચાવ

### સાપુતારા ઘાટ પર કાર પલ્ટી ખાતાં અફરાતફરી; પ્રવાસીઓ ઈજાગ્રસ્ત



ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસીઓની કારને અકસ્માત નડ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. ડાંગ જિલ્લાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ સાપુતારાના ટેબલ પોઇન્ટ તરફ જઈ રહેલી એક કાર ચઢાણમાં અચાનક પલ્ટી ખાઈ ગઈ હતી.

આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર સુરતના અંદાજે ૭ જેટલા પ્રવાસીઓનો આબાદ બચાવ થયો છે, જે એક મોટી ચમત્કારિક ઘટના ગણી શકાય. મળતી માહિતી અનુસાર, સુરતથી સાપુતારા ખાતે રવિવારની રજાઓ માણવા અને ફરવા માટે આવેલા પ્રવાસીઓ પોતાની કાર.ન.જી.જે.૧૯.બી.જે.૯૧૬૧ લઈને સાપુતારાના જાણીતા પ્રવાસન સ્થળ ટેબલ પોઇન્ટ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ટેબલ પોઇન્ટના આકરા ઘાટ પર ચઢાણ ચઢતી વખતે અચાનક કાર આગળ વધી શકી ન હતી અને પાછળની તરફ એટલે કે રિવર્સમાં આવવા લાગી હતી. ઘાટ ઉપર કાર અચાનક રિવર્સ આવવાને કારણે ચાલકે કાર પરનો પોતાનો સંપૂર્ણ કાબૂ ગુમાવી દીધો હતો. કંટ્રોલ ગુમાવવાને કારણે કાર રસ્તા પર જ પલ્ટી ખાઈ ગઈ હતી અને ત્યાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ ગંભીર અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને અન્ય પ્રવાસીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. કારમાં બે નિર્દોષ બાળકો સહિત કુલ ૭ પ્રવાસીઓ સવાર હતા.

સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી અને તમામ ૭ લોકોનો આબાદ બચાવ થયો છે. જોકે, કાર પલ્ટી મારી જતાં બે બાળકો સહિત તમામ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાની જાણ થતાં જ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકના શામગહાન સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબો દ્વારા તેઓની પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવી છે.

## અલથાણની ખાડીમાંથી યુવકની હાથ-પગ બાંધેલી લાશ મળી આવી

# ૨૫ થી ૩૦ વર્ષીય યુવકની હત્યા નિપજાવી લાશ ફેંકી દીધાનું અનુમાન, હાથ પરના ટેટુના આધારે તપાસ શરૂ

સુરત- સુરતના ઉધના વિસ્તારમાં ભાજપના યુવા નેતાની હત્યાના બનાવના બીજા જ દિવસે અલથાણની ખાડીમાંથી એક યુવકની હત્યા કરી ફેંકી દેવાયેલી લાશ મળી આવી છે. પોલીસે જ્યારે બહાર કાઢી ત્યારે કાપડથી તેના હાથ-પગ બાંધેલા હતા. અજાણ્યા શખસોએ અન્ય જગ્યાએ હત્યા નિપજાવી લાશને ખાડીમાં ફેંકી દીધાનું અનુમાન છે. મૃતકના હાથ પર 'મંરામ' નામનું ટેટુ ત્રોફાવેલું છે. જેના આધારે પોલીસે મૃતકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, અલથાણ વિસ્તારમાં આવેલી ખાડીમાંથી આ મૃતદેહ મળી આવ્યો છે. પ્રાથમિક તપાસમાં આ મામલો સીધેસીધો હત્યાનો હોવાનું સપાટી પર આવ્યું છે, કારણ કે જ્યારે લાશને બહાર કાઢવામાં આવી ત્યારે યુવકના હાથ અને પગ કાપડ વડે ક્રૂરતાપૂર્વક બાંધેલા હતા. એટલું જ નહીં, યુવકના શરીર પર, ખાસ કરીને હાથ અને પગના ભાગે માર મારવાના નિશાનો પણ મળી આવ્યા છે. હત્યારાઓએ યુવકની અન્ય કોઈ જગ્યાએ નિર્મમ હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશને અવાવરું અલથાણ ખાડીમાં ફેંકી દીધી હોવાનું પોલીસને લાગી રહ્યું છે.

હાલમાં પોલીસ સામે સૌથી મોટો પડકાર મૃતકની ઓળખ કરવાનો છે. પોલીસના અનુમાન મુજબ મૃતક યુવકની ઉંમર આશરે ૨૫થી ૩૦ વર્ષની વચ્ચે હોઈ શકે છે. લાશ સડી ગયેલી હાલતમાં હોવા છતાં, તેના હાથ પરનું ટેટૂ સ્પષ્ટ જોઈ શકાય છે.

પોલીસ આ 'મંરામ' લખેલા ટેટૂના નિશાનને જ સૌથી મહત્વનો પુરાવો માની રહી છે. આ નામના આધારે સુરત શહેર તેમજ આજુબાજુના જિલ્લાઓ અને રાજ્યોમાંથી તાજેતરમાં ગુમ થયેલા યુવકોની યાદી ચકાસવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. પોલીસને આશા છે કે આ ટેટૂની મદદથી ટૂંક સમયમાં જ મૃતકના પરિવાર સુધી પહોંચી શકાશે. આ ચકચારી ઘટનાને પગલે અલથાણ પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ હત્યા અને પુરાવાનો નાશ કરવાનો ગુનો નોંધીને આગળની તપાસ તેજ કરી દીધી છે.

પોલીસ દ્વારા આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ પણ ખંખોળવામાં આવી રહ્યા છે જેથી ખાડી તરફ શંકાસ્પદ હાલતમાં પસાર થયેલા વાહનો કે વ્યક્તિઓની ભાળ મેળવી શકાય. આ સાથે જ ફોરેન્સિક લેબોરેટરી ની ટીમની પણ મદદ લેવામાં આવી રહી છે. ટૂંક સમયમાં જ યુવકના પીએમ રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ બહાર આવશે.

## વડોદરામાં ડ્રગ્સ નેટવર્ક પર પોલીસનો પ્રહાર: ૧૦ કિલો હાઇબ્રીડ ગાંજાના કેસમાં વધુ બે શખસની ધરપકડ



વડોદરા શહેરમાં નશાના કારોબારને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસે કમર કસી છે. થોડા સમય પૂર્વે વડોદરા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) દ્વારા ઝડપી પાડવામાં આવેલા ૧૦ કિલો સામાન્ય ગાંજા અને અત્યંત મોંઘા ગણાતા 'હાઇબ્રીડ ગાંજા'ના રેકેટમાં પોલીસે વધુ બે શખસોની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે.

મળતી માહિતી અનુસાર, આ હાઇપ્રોફાઇલ ડ્રગ્સ કેસની વિગત એવી છે કે, વડોદરા એસઓજીએ સૌપ્રથમ ગોરવા વિસ્તારમાં ગાંજાનું વેચાણ કરતા રાજેન્દ્ર બિંદ નામના શખસને ઝડપી પાડ્યો હતો. તેની સઘન પૂછપરછ દરમિયાન આ નેટવર્કમાં સામેલ અન્ય બે સાગરીતો અને મધ્ય પ્રદેશના રતલામથી ગાંજો સપ્લાય કરનારા મુખ્ય વચેટીયા મોહન નીનામાનું નામ ખુલ્યું હતું, જેથી પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મોહનની પણ ધરપકડ કરી લીધી હતી.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........


તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

### ૧૪૦ કરોડની લોકસંખ્યા સાથેના ભારતમાં એઆઈક્ષેત્ર માટે વિપુલ તક

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઇ) ટેક્નોલોજી ક્ષેત્રે ભારતને એક મોટી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે આવશ્યક માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની સરખામણીએ ભારત હજુ પાછળ હોવાનું જોવા મળી રહ્યું છે. મોટી માત્રામાં આઈટી ટેલેન્ટ, ૩૦૦૦ એઆઈ સ્ટાર્ટઅપ્સની હાજરી તથા મજબૂત આઈટી કંપનીઓ એઆઈ ક્ષેત્રમાં ભારતનું એક મજબૂત પાસુ છે અને આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા સરકાર તરફથી પહેલ પણ કરવામાં આવી રહી છે, ત્યારે એઆઈ માટે ડેટાના પ્રોટેક્શનની ખાતરી સાથેના આવશ્યક માળખા ઊભા કરવાની બાબતને ભારતમાં પ્રાધાન્યતા મળી રહે તે જરૂરી હોવાનો ઉદ્યોગમાં મત પ્રવર્તી રહ્યો છે. ભારતે તેના આઈટી તથા કોમ્પ્યુટ માળખાને ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટસ (જીપીયુ) પ્રેરિત મોડેલમાં અપગ્રેડ કરવાની આવશ્યકતા છે, પરંતુ અમેરિકા દ્વારા જીપીયુની નિકાસ પર નિયમનને કારણે ભારતે પોતાના જીપીયુ ઊભા કરવાની જરૂર પડશે. આ સંદર્ભમાં ભારતે હિસ્સેદારો સાથે ચર્ચાવિચારણા શરૂ કરી દીધી છે. સ્વદેશી જીપીયુ માટે સરકાર તથા ખાનગી કંપની વચ્ચે ભાગીદારીની જરૂરત રહેશે.

વૈશ્વિક બજારમાં સેવા પૂરી પાડતી મજબૂત ટેક્નોલોજી ક્ષમતા ભારત પાસે છે. એઆઈ સેન્ટર્સમાં ૫૦૦ અબજ ડોલરના અમેરિકાના ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ, મેટાના અંદાજે ૬૫ અબજ ડોલરની મૂડી ખર્ચની યોજના અને ડીપસીકના નીચા ખર્ચ સાથેના લાર્જ લેન્ગવેજ મોડેલ્સ (એલએલએમ) ભારત માટે આ ક્ષેત્રમાં નવીનતા લાવવાની તકો રહેલી હોવાના સંકેત આપે છે. આ તકો ઝડપી લેવા ભારતે ઉતાવળ કરવાની રહેશે. વિશ્વ આખુ આજે એઆઈ માટે ભારતને મોટી બજાર તરીકે જોઈ રહ્યું છે ત્યારે વિશ્વ માટે આપણે પોતાના એઆઈ પ્રોડક્ટસ તૈયાર કરવાનો સમય પાકી ગયો છે. તાજેતરમાં પેરિસ ખાતે યોજાઈ ગયેલી એઆઈ એક્શન સમિતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત પોતાનું એલએલએમ બનાવી રહ્યાનું જણાવ્યું હતું. આપણું પોતાનું એલએલએમ એઆઈના વધી રહેલા પ્રવાહમાં આપણને સહભાગી બનાવશે એટલુ જ નહીં વિશ્વ માટે ભારત એઆઈ નવીનતાના મુખ્ય ચાલકબળ પણ તરીકે ઊભરી આવશે તેવો ટેક્નોલોજી ક્ષેત્રના આગેવાનોમાં મત પ્રવર્તી રહ્યો છે.

સતત નવા પ્રકારના એઆઈ મોડેલ્સની રચના આ ઉદ્યોગને એક નવા પરિમાણ પર પહોંચાડશે અને ૨૦૨૯ સુધીમાં વૈશ્વિક એઆઈ માર્કેટનું કદ ૧.૩૯ ટ્રિલિયન ડોલર પર પહોંચવાની ધારણાં રાખવામાં આવી રહી છે. હાલમાં ચીન અને અમેરિકા એઆઈની રેસમાં આગળ છે પરંતુ આ ક્રાંતિમાં ભારત પણ એક વ્યાપક તક ધરાવી રહ્યું છે. ૭૦ લાખ જેટલા આઈટી વ્યવસાયીકો, ૩૪૦ અબજ ડોલરના સ્ટાર્ટઅપ ક્ષેત્ર તથા દેશમાં મજબૂત ટેક્નોલોજી કંપનીઓની હાજરી એઆઈ ક્ષેત્રમાં પ્રગતિ કરવા માટે ભારત પાસે એક મજબૂત આધાર છે. આ ઉપરાંત ૧૪૦ કરોડની લોકસંખ્યા એઆઈ ક્ષેત્રે નવી શોધના પરિક્ષણ માટે એક કુદરતી માધ્યમ બની રહ્યું છે.

મર્યાદિત કોમ્પ્યુટિંગ પાવર, ડેટા સ્ટોરેજ તથા હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટિવિટીનો અભાવ ભારતમાં એઆઈ ટેક્નોલોજીના વિકાસ સામે અવરોધરૂપ પાસા બની રહ્યા છે. વિશ્વસ્નિય અને અપૂરતા માળખા રિસર્ચરો તથા વિકાસકો માટે જટિલ એઆઈ પ્રોજેટક્સ પર કામ કરવાનું મુશકેલ બનાવી રહ્યા છે. આ હકીક્તને ધ્યાનમાં રાખી મોટી ક્ષમતા સાથેના કોમ્પ્યુટિંગ માળખા, ડેટા સેન્ટર્સ તથા ઈન્ટરનેટ જોડાણમાં ઝડપથી સુધારા કરવા પર હિસ્સેદારો દ્વારા ભાર અપાઈ રહ્યો છે.

એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે. વિસ્તૃત નિયમનકારી માળખાનો અભાવ દેશમાં એઆઈનો છૂટથી વિકાસને અવરોધી રહ્યો છે. નિયમનકારી માળખાના અભાવે એઆઈ ટૂલ્સ તથા સોલ્યુશન્સના વિકાસકો સામે નવીનતા પૂરી પાડવાનું જોખમરૂપ બની રહ્યું છે. ભારત સહિત વિશ્વભરમાં અનેક ટેક કંપનીઓ સામે ડેટા તથા કોપીરાઈટ સંબંધિત કેસો ચાલી રહ્યા છે.

ડેટાના રક્ષણ તથા જવાબદારી જેવી એઆઈ સંબંધિત ચિંતાઓને દૂર કરવા સ્પષ્ટ નિયમનકારી માળખા અથવા ધોરણો ઘડી કાઢવાની તાત્કાલિક આવશ્યકતા હોવાનો મત પ્રવર્તી રહ્યો છે, જેથી એઆઈ ટેક્નોલોજીના ઝડપી વિકાસ તથા વપરાશનો માર્ગ મોકળો બની શકે. એઆઈના વિકાસ માટે નિયમનકારી ધોરણો ઘડી કાઢવા સરકારે ટેક કંપનીઓ, શિક્ષણવિદો તથા સમાજના આગેવાનોને પ્રવૃત્ત કરવા રહ્યા.

એઆઈ માળખાના વિકાસ માટે આવશ્યક ભંડોળ પૂરા પાડવા સરકારે એઆઈ મિશન હેઠળ પહેલ કરી છે, ખરા પરંતુ એઆઈના વિકાસ સામે અનેક માળખાકીય પડકારો રહેલા છે ત્યારે આ પડકારો દૂર કરવા સરકાર તથા ઉદ્યોગોએ સાથે મળીને પ્રયત્નશીલ રહેવુ પડશે જેથી દેશમાં એઆઈના વિકાસ માટે રહેલા અવકાશને પૂરી કરી શકાય.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫-સિટર • ૭-સિટર •


સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## ૫ દિવસમાં બીજી વાર પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા

### સુરતમાં પ્રતિ લિટર પેટ્રોલ ૮૬ પૈસા વધી ૯૮.૩૬ અને ડીઝલ ૯૩ પૈસા વધી ૯૪.૨૨એ પહોચ્યું

સુરત- ઓઈલ માર્કેટીગ કંપનીઓ દ્વારા માત્ર પાંચ દિવસના ટૂંકા ગાળામાં જ બીજી વખત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ વખતે પણ મધ્યરાત્રિથી જ નવા ભાવો અમલી કરી દેવાયા છે, જેના કારણે સવારે પેટ્રોલ પંપ પર પહોચેલા વાહનચાલકો ચોંકી ઉઠ્યા હતા. સુરતમાં પેટ્રોલના ભાવમાં ૮૬ પૈસા અને ડીઝલના ભાવમાં ૯૩ પૈસાનો સીધો વધારો ઝીંકવામાં આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નવા ભાવવધારા બાદ સુરત શહેરમાં ઇંધણના ભાવ હવે સેન્ચુરી એટલે કે ૧૦૦ રૂપિયાની બિલકુલ નજીક પહોંચી ગયા છે. કલાકો પહેલા સુરતમાં જે પેટ્રોલ પ્રતિ લીટર ૯૭.૫૦ રૂપિયાના ભાવે વેચાઇ રહ્યું હતું, તે હવે વધીને ૯૮.૩૬ રૂપિયા થઈ ગયું છે. બીજી તરફ, માલસામાનની હેરફેર અને પરિવહન માટે સૌથી મહત્વના ગણાતા ડીઝલના ભાવ કલાકો પહેલા ૯૩.૨૯ રૂપિયા હતા, જે ૯૩ પૈસા વધીને હવે ૯૪.૨૨ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયા છે. આટલું ઓછું હોય તેમ, મધ્યમ વર્ગની છેલ્લી આશા ગણાતા ઈંગ (કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ) ના ભાવ પણ પ્રતિકિલો ૮૨.૯૫ રૂપિયા પર પહોંચી ગયા છે. આ આંકડા દર્શાવે છે કે હવે વાહન ચલાવવું એ સામાન્ય માણસના બસની વાત રહી નથી.



પેટ્રોલ પંપ પર ઇંધણ ભરાવવા આવેલા સ્થાનિક નાગરિક માસૂમ મન્સૂરીવાલાએ પોતાની આર્થિક પરિસ્થિતિ અને મોંઘવારીના માર વિશે વાત કરતા જણાવ્યું હતું કે, અમે તો સામાન્ય નોકરી કરનારા માણસો છીએ. અમારા માટે આ પરિસ્થિતિમાં જીવવું ઘણું અઘરું પડી રહ્યું છે. અવારનવાર થતા આ ભાવવધારાને કારણે અમને બહુ જ તકલીફ પડે છે. પોતાની આર્થિક મર્યાદાઓ વિશે વાત કરતા તેમણે ઉમેર્યું કે, મારી મહિનાની સેલેરી માત્ર ૧૫,૦૦૦ રૂપિયા છે. અમારું આખું બજેટ આ મર્યાદિત આવકમાં જ ચાલતું હોય છે. એક તરફ આવક આટલી ઓછી છે અને બીજી તરફ મોંઘવારી સતત વધી રહી છે, જેના કારણે ઘરની પરિસ્થિતિ ખૂબ ખરાબ થઈ ગઈ છે. વડાપ્રધાન મોદી સાહેબે આ બાબત સમજવી જોઈએ અને અમારા જેવા નાના માણસો માટે થોડુંક આશ્વાસન તેમજ રાહત આપવી જોઈએ.

બીજી તરફ, પેટ્રોલ પંપ પર આવેલા અન્ય એક સુરતી નાગરિક નીરવ પટેલે પણ આ ભાવવધારા સામે આકરા શબ્દોમાં પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, અઠવાડિયામાં બે-બે વખત પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવામાં આવે તે કોઈ પણ કાળે વ્યાજબી નથી. આ અણધાર્યા ઝટકાની સીધી અસર આમ જનતાના પોકેટ પર પડી રહી છે. સામાન્ય લોકોનું આખું બજેટ આનાથી ખોરવાઈ ગયું છે. નીરવ પટેલે ભવિષ્યની ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, જો આ જ ગતિથી અને આ જ રીતે સતત ભાવો વધતા રહેશે, તો સામાન્ય જનજીવન પર તેની ખૂબ જ ગંભીર અને મોટી અસરો થશે. મોંઘવારી સામાન્ય નાગરિકોની કમર તોડી નાખશે.

ડીઝલના ભાવમાં ૯૩ પૈસાનો મોટો વધારો થવાને કારણે માત્ર વાહનચાલકો જ નહીં, પરંતુ સમગ્ર બજારને તેની અસર વેઠવી પડશે. સુરતના અર્થશાસ્ત્રીઓ અને વેપારીઓના મતે, ડીઝલ મોંઘું થવાથી શાકભાજી, દૂધ, અનાજ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ લાવવા-લઈ જવાનું ભાડું (ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ) વધી જશે. આ વધારાનો બોજ આખરે તો ગ્રાહકોના માથે જ ઝીંકવામાં આવશે. આમ, પેટ્રોલ-ડીઝલનો આ ભાવવધારો આગામી દિવસોમાં રસોડાના બજેટને પણ સંપૂર્ણપણે વેરવિખેર કરી નાખશે તેવી પૂરેપૂરી દહેશત વર્તાઈ રહી છે.

## અમરેલી જિલ્લાના પેટ્રોલ પંપો પર 'નો સ્ટોક'ના બોર્ડ લાગ્યાઃ કેરબા લઈને લાઈનમાં ઊભા રહ્યા ખેડૂતો



અમરેલી જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલની ભારે અછત સર્જાતાં વાહનચાલકો અને ખાસ કરીને ખેડૂતોમાં ભારે હાહાકાર મચી ગયો છે. મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિ અને અન્ય આંતરિક પરિબળોની અફવાઓ વચ્ચે જિલ્લાના સાવરકુંડલા, બાબરા અને વડીયા સહિતના વિસ્તારોમાં પેટ્રોલ પંપો પર કિલોમીટર લાંબી લાઈનો જોવા મળી રહી છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે જિલ્લાના મોટાભાગના પેટ્રોલ પંપો પર ઇંધણનો જથ્થો ખૂટી પડતાં 'નો સ્ટોક'ના બોર્ડ મારી દેવાયા છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે.

વડીયામાં આવેલા પેટ્રોલ પંપ પર વહેલી સવારથી જ વાહનોની લાંબી કતારો લાગી ગઈ છે. ખેડૂતોને જરૂરિયાત મુજબ ૨૦૦ લીટર સુધી પેટ્રોલ-ડીઝલ આપવાનો સરકારી પરિપત્ર હોવા છતાં, પંપ સંચાલકો દ્વારા પૂરતો જથ્થો ન હોવાનું કહીને માત્ર ૧ હજાર રૂપિયાનું જ ડીઝલ આપવામાં આવી રહ્યું છે. જેના કારણે વાહનો ઉપરાંત ખેડૂતો પ્લાસ્ટિકના મોટા-મોટા કેરબા લઈને લાઈનોમાં ઊભા રહી ગયા છે. ટ્રેક્ટરો અને ફોર વ્હીલર વાહનોની લાઈનોને લીધે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે.

સાવરકુંડલા તાલુકા અને શહેરમાં સ્થિતિ વધુ વણસી છે. અહીંના મોટાભાગના પેટ્રોલ પંપો સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે. સમગ્ર સાવરકુંડલામાં માત્ર મહુવા રોડ પર આવેલો એક જ પેટ્રોલ પંપ ચાલુ હોવાથી આખા પંથકના વાહનચાલકો ત્યાં ઉમટી પડ્યા છે. સાવરકુંડલાના તમામ પંપો પર ડીઝલનો જથ્થો શૂન્ય થઈ ગયો છે. અન્ય પંપો બંધ હોવાના કારણે વાહનચાલકો ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે અને ઇંધણ મેળવવા કલાકો સુધી રાહ જોઈ રહ્યા છે.

બાબરા શહેરમાં પણ આ જ પરિસ્થિતિનું પુનરાવર્તન થયું છે. શહેરના તમામ પેટ્રોલ પંપ પર વાહનોની લાંબી લાઈનો લાગેલી છે.

હાલમાં ખેતીની મહત્ત્વની મોસમ ચાલી રહી છે, જેમાં ટ્રેક્ટર અને અન્ય કૃષિ યંત્રો માટે ડીઝલની સખત જરૂરિયાત હોય છે. આવી કટોકટીના સમયે જ ડીઝલની અછત ઊભી થતાં ખેડૂતો આર્થિક નુકસાનની ભીતિથી પરેશાન થઈ ઉઠ્યા છે. અહીં પણ પંપો દ્વારા માત્ર એક હજારથી બે હજાર રૂપિયા સુધીનું જ મર્યાદિત ડીઝલ આપવામાં આવી રહ્યું છે.

## નવરંગપુરાની યુવતીની ૪ થી વધુ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બદનામ કરવાનો પ્રયાસ, નોધાઈ ફરિયાદ



અમદાવાદના પોશ ગણાતા નવરંગપુરા વિસ્તારમાં રહેતી અને એક ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી ૨૧ વર્ષીય યુવતી સાયબર ક્રાઈમ અને માનસિક પજવણીનો ભોગ બની છે. એક માથાભારે અજાણ્યા શખસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર આ યુવતીના નામ અને ફોટાનો દુરુપયોગ કરીને એક-બે નહીં, પરંતુ ૫થી વધુ ફેક એકાઉન્ટ (ફેક આઈડી) બનાવી તેને સોશિયલ મીડિયા પર બદનામ કરવાનો હીન પ્રયાસ કર્યો હતો. આ અંગે ભોગ બનનાર યુવતીએ અંતે કંટાળીને નવરંગપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદની વિગતો મુજબ, નવરંગપુરામાં રહેતી આ યુવતીએ થોડા દિવસો પહેલાં પોતાના મૂળ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક મોટિવેશનલ પોસ્ટ અને રીલ શેર કરી હતી. આ પોસ્ટ પર કોઈ અજાણ્યા શખસે એકસાથે અંદાજે ૧૫ જેટલી અણછાજતી અને ખોટી કોમેન્ટ્સ કરી હતી.

યુવતીએ કંટાળીને આ તમામ કોમેન્ટ્સ ડિલીટ કરી નાખી હતી અને સાયબર ક્રાઈમમાં પોલીસ કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી, જેને પગલે એ સમયે આરોપીએ પોતાનું આઈડી બંધ કરી દીધું હતું. જોકે, આ અદાવત રાખીને બીજા જ દિવસથી રોમિયોએ પજવણીનું નવું નેટવર્ક શરૂ કર્યું હતું.

## સાણંદ નજીક આવેલી કલર બનાવતી કંપનીમાં ભીષણ આગ, ફાયર વિભાગની ગાડીઓ ઘટનાસ્થળે



અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના અગ્રણી ઔદ્યોગિક હબ ગણાતા સાણંદમાં ફરી એકવાર આગની મોટી દુર્ઘટના સામે આવી છે. સાણંદના મોરૈયા વિસ્તારમાં આવેલી કલર બનાવ કંપનીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગની તીવ્રતા એટલી વધારે હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

મળતી માહિતી અનુસાર, મોરૈયામાં આવેલી આ ખાનગી ફેક્ટરી કલર બનાવવાનું કામ કરે છે. કંપનીમાં કલર અને તેમાં વપરાતા જવલનશીલ કેમિકલનો મોટો જથ્થો હાજર હોવાના કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખી ફેક્ટરીને લપેટમાં લીધી હતી. ફેક્ટરીની અંદરથી આગની જવાળાઓ નીકળતી જોઈને ત્યાં કામ કરતા શ્રમિકો અને આસપાસના લોકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

ઘટના અંગે તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતા સાણંદ અને આજુબાજુના સ્ટેશનો પરથી ફાયર વિભાગની ગાડીઓનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ફાયટરોના જવાનોએ પાણી અને ફોમનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાની યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે. ફેક્ટરીની અંદર કોઈ મજૂર ફસાયું છે કે કેમ અને આગ કયા કારણોસર લાગી (શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણ) તેની સત્તાવાર વિગતો હજુ સામે આવી નથી.

## જામનગર સરકારી ડેન્ટલ કોલેજમાં રૂ.૧.૩૬ કરોડનું ચેક કૌભાંડ, કરાર આધારિત કર્મચારી સામે નોધાઈ ફરિયાદ




જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલમાં સરકારી નાણાંની ઉચાપતનો એક અત્યંત ચોંકાવનારો મામલો પ્રકાશમાં આવ્યો છે. નેશનલ હેલ્થ મિશન હેઠળ કોન્ટ્રાક્ટ પર ફરજ બજાવતા એક કર્મચારીએ રોગી કલ્યાણ સમિતિના ખાતામાંથી કરોડો રૂપિયાની ઉચાપત કરી હોવાનો પર્દાફાશ થયો છે. આ સમગ્ર પ્રકરણ અંગે સંસ્થાના જવાબદાર અધિકારી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવતાં જામનગરના વહીવટી અને તબીબી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી અનુસાર, ડેન્ટલ કોલેજમાં ટ્યુટર વર્ગ-૨ તરીકે ફરજ બજાવતા ડો. સંજય ઉમરાણિયાએ આ મામલે સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાવી છે. ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલમાં લાંબા સમયથી વહીવટી સ્ટાફની ભારે અછત હોવાના કારણે અનેક મહત્ત્વની નાણાકીય અને વહીવટી જવાબદારીઓ કોન્ટ્રાક્ટ કર્મચારીઓને સોંપવી પડી હતી. આ વ્યવસ્થા હેઠળ કરાર આધારિત કર્મચારી શોભીત ગર્ગને રોગી કલ્યાણ સમિતિના નાણાકીય રેકોર્ડ અને બેન્કના તમામ વ્યવહારો સંભાળવાની જવાબદારી લેખિતમાં આપવામાં આવી હતી,

Date- 20/05/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## કોસંબા નજીક નહેરમાં ડૂબેલા યુવકનો મૃતદેહ મળ્યો: ઉકાઈ જમણા કાંઠાની નહેરમાં નહાવા પડ્યો હતો, કોસંબા પોલીસ તપાસ કરશે



માંગરોળ-માંગરોળ તાલુકાના કોસંબા નજીક મહુવેજ ગામેથી એક દુઃખદ ઘટના સામે આવી છે. ઉકાઈ જમણા કાંઠાની મુખ્ય નહેરમાં નહાવા પડેલા એક શ્રમિક યુવકનો મૃતદેહ હથુરણ ગામ નજીકથી મળી આવ્યો છે. આ યુવક રવિવારે બપોરે પાણીના પ્રચંડ પ્રવાહમાં ગરકાવ થઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહુવેજ ગામનો રહેવાસી ગણેશ પીરૂભાઈ વસાવા રવિવારે બપોરે અસહ્ય ગરમીથી રાહત મેળવવા તેના મિત્રો સાથે ગામની સીમમાંથી પસાર થતી ઉકાઈ જમણા કાંઠાની નહેરમાં નહાવા ગયો હતો. નહેરમાં પાણીનું સ્તર અને વહેણ ખૂબ વધારે હોવાથી, નહાતી વખતે ગણેશ અચાનક પ્રવાહના વમળમાં ફસાયો હતો અને મિત્રોની નજર સામે જ પાણીના તેજ વહેણમાં તણાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિકોએ હોબાળો મચાવ્યો હતો. માંગરોળ સર્કલ ઓફિસર સહિત ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ માટીવા, પાનોલી, અંકલેશ્વરની ફાયર ફાઈટર ટીમો તેમજ સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ ના જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા. રવિવાર સાંજથી શરૂ થયેલું સર્ચ ઓપરેશન સોમવારે સવારથી વધુ વેગવંતું બનાવવામાં આવ્યું હતું.

બે દિવસના સઘન શોધખોળ બાદ પણ યુવકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે, આજે યુવક ગણેશ વસાવાનો મૃતદેહ હથુરણ ગામ નજીકથી મળી આવ્યો છે. કોસંબા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## કિમમાં GEB ની DPમાં આગ: શોર્ટ સર્કિટથી ભડભડ સળગી, કોઈ જાનહાનિ નહી



ઓલપાડ- સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કિમ વિસ્તારમાં મોડી રાત્રે એક ઘટના બની હતી. અહીં આવેલી સાઈ દર્શન સોસાયટી પાસે ગુજરાત એનર્જી વિકાસ નિગમ લિમિટેડની ડીપી (ટ્રાન્સફોર્મર) માં આગ લાગી હતી. પ્રાથમિક અનુમાન મુજબ, શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હતી.

મળતી માહિતી અનુસાર, સાઈ દર્શન સોસાયટી નજીક આવેલી વીજ ડીપીમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં તણખા ઝર્યા હતા. જોતજોતામાં આખી ડીપી ભડભડ સળગી ઊઠી હતી. મોડી રાત્રે લાગેલી આ આગની જ્વાળાઓ તીવ્ર હતી, જેના કારણે આસપાસના વિસ્તારમાં પ્રકાશ ફેલાઈ ગયો હતો અને ધડાકાના અવાજો પણ સંભળાયા હતા.

આ દ્રશ્ય જોઈને ઊંઘમાં રહેલા સ્થાનિક રહીશો ગભરાઈને તાત્કાલિક પોતાના ઘરોની બહાર દોડી આવ્યા હતા. વીજ ડીપીમાં લાગેલી આગના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક વીજ કંપની ના અધિકારીઓને ફોન દ્વારા જાણ કરવામાં આવી હતી, જેથી લાઈન કટ કરી મોટી દુર્ઘટના ટાળી શકાય. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, વીજ ડીપી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ છે.

## નવા કલેક્ટર તેજસ પરમારે ચાર્જ સંભાળ્યો

### VNIT ના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પાલનપુરના પ્રથમ IAS હવે સુરતની વિકાસયાત્રા સંભાળશે



સુરત- રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી આઈએએસ (IAS) અધિકારીઓની બદલીના ભાગરૂપે, સુરત જિલ્લાના નવા કલેક્ટર અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ તરીકે ૨૦૧૬ બેચના IAS અધિકારી તેજસ દિલીપભાઈ પરમારે ૧૮ મે વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે. સુરતના કલેક્ટર તરીકે ફરજ બજાવતા ડો. સૌરભ પારઘીની ગાંધીનગર ખાતે સિવિલ સપ્લાય કોર્પોરેશનના ડાયરેક્ટર તરીકે બદલી થતાં, તેમની જગ્યાએ તેજસ પરમારની નિમણૂક કરવામાં આવી છે.

આજે સવારે કલેક્ટર કચેરી ખાતે યોજાયેલા એક ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં નવા કલેક્ટર તેજસ પરમારનું વરિષ્ઠ વહીવટી અધિકારીઓ, વિવિધ વિભાગના વડાઓ અને કર્મચારીઓ દ્વારા પુષ્પગુચ્છ આપીને ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પદભાર સંભાળવાની આ ઔપચારિક પ્રક્રિયા દરમિયાન શહેરના અગ્રણી નાગરિકો, શુભેચ્છકો અને સામાજિક આગેવાનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે નવા કલેક્ટરને સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ચાર્જ સંભાળ્યા બાદ તુરંત જ તેમણે કચેરીના અધિકારીઓ સાથે પરિચય બેઠક યોજી હતી અને જિલ્લાની ભૌગોલિક તેમજ વહીવટી પરિસ્થિતિની પ્રાથમિક સમીક્ષા કરી હતી.

પોતાનો કાર્યભાર સંભાળતાની સાથે જ નવા કલેક્ટર સંપૂર્ણપણે એક્શન મોડમાં જોવા મળ્યા હતા. તેમણે કચેરીના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજીને સુરત શહેર અને જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસકાર્યો, માળખાકીય સુવિધાઓના પ્રોજેક્ટ્સ અને સરકારી યોજનાઓની પ્રગતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. બેઠકમાં પ્રજાલક્ષી વહીવટ, જનહિતના પડતર મુદ્દાઓ અને સરકારી સેવાઓને વધુ પારદર્શક તેમજ ઝડપી કેવી રીતે બનાવી શકાય તે અંગે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

## પલસાણાની પરિણીતાની હત્યા ગળું દબાવી કરાઈ

### મહાદેવ વિલા એપાર્ટમેન્ટના ફ્લેટમાં પહેલા લિવ ઈન રહેતી, લગ્નના ૪ મહિનામાં મૈવીશનું મોત, પતિ શિવમ ફરાર

બારડોલી- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના બગુમરા ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીંના મહાદેવ વિલા એપાર્ટમેન્ટના એક ફ્લેટમાંથી ૨૨ વર્ષીય યુવતીનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં યુવતીની ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

મૃતક યુવતીની ઓળખ ૨૨ વર્ષીય મૈવીશ ખાતૂન તરીકે થઈ છે. વિગતો મુજબ, મૈવીશ છેલ્લા કેટલાક સમયથી લૂમ્સના કારખાનામાં કામ કરતા શિવમ નામના યુવક સાથે આ ફ્લેટમાં રહેતી હતી. તેઓ પહેલા લિવ-ઈનમાં રહેતા હતા અને આશરે ૪ મહિના પહેલા જ બંનેએ લગ્ન કર્યા હોવાનું જાણવા મળ્યું છે. લગ્નના ટૂંકા ગાળામાં જ યુવતીની નિર્મમ હત્યા થઈ જતાં ચકચાર મચી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પલસાણા પોલીસ અને સુરત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ઘટનાસ્થળને કોર્ડન કરીને તપાસ શરૂ કરી છે. આ સાથે જ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ની ટીમે પણ સ્થળ પરથી મહત્વના વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કર્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં યુવતીને ગળું દબાવીને ટૂંપો આપી દેવાયો હોવાનું સ્પષ્ટ થયું છે.

આ હત્યાકાંડમાં પોલીસની શંકાની સોય મૃતક મૈવીશના પતિ શિવમ તરફ છે. ઘટના સામે આવી ત્યારથી જ શિવમ રહસ્યમય રીતે ગાયબ છે અને તેનો કોઈ પત્તો લાગ્યો નથી. પોલીસનું માનવું છે કે શિવમ પકડાયા બાદ જ હત્યા પાછળનું સાચું કારણ અને રહસ્ય બહાર આવશે.

## કામરેજના ખોલવડમાં પત્ની બે સંતાનો સાથે ગુમ

### પતિને ફોન પર અન્ય યુવક સાથેના મૈત્રી કરારની જાણ કરી, પતિએ કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોધાવી

કામરેજ- ખોલવડમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક પતિએ પોતાની ગુમ થયેલી પત્ની અને બે સંતાનોને ફોન કરતા પત્નીએ અન્ય યુવક સાથે મૈત્રી કરાર કરી લીધા હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. આ મામલે પતિએ કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ખોલવડના પાસોદરા પાટીયા, લક્ષ્મી ધામ સોસાયટી, ઘર નંબર ૫૦ ખાતે રહેતા ૩૪ વર્ષીય હિતેશ વશરામભાઈ કાકડિયાનો પરિવાર છે. તેમના પરિવારમાં ૩૮ વર્ષીય પત્ની જીગુબેન, ૧૦ વર્ષીય પુત્રી આસ્થા અને ૫ વર્ષીય પુત્ર હિયાનનો સમાવેશ થાય છે. બુધવારે રાત્રે દસેક વાગ્યે હિતેશભાઈ અમરોલી છાપરા ભાઠા ખાતેની વેદાંત ઈન્ડસ્ટ્રીઝમાંથી કામ પરથી ઘરે પરત ફર્યા ત્યારે ઘરને તાળું મારેલું હતું.

ઘરે તાળું જોઈને અને પત્ની તથા બંને સંતાનો ન દેખાતા, હિતેશભાઈએ પત્નીના મોબાઈલ પર ફોન કર્યો હતો, પરંતુ ફોન બંધ આવ્યો હતો. બીજા દિવસે તેમણે વારંવાર ફોન કરતા પત્નીએ ફોન ઉપાડ્યો હતો. હિતેશભાઈએ બંને સંતાનો સહિત ક્યાં હોવાનું પૂછતા, પત્નીએ જણાવ્યું કે તે બંને સંતાનોને લઈને નીકળી ગઈ છે અને તેણે અન્ય યુવક સાથે મૈત્રી કરાર કરી લીધો છે.

પત્નીએ બાળકોનો અવાજ સંભળાવ્યા બાદ પોતે સંતાનો સાથે ક્યાં છે અથવા કોની સાથે મૈત્રી કરાર કર્યો છે તેની કોઈ જાણકારી આપ્યા વિના ફોન કાપી નાખ્યો હતો અને ત્યારબાદ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો.

આ ઘટનાને પગલે હિતેશ કાકડિયાએ તેમની ૩૮ વર્ષીય પત્ની જીગુબેન હિતેશભાઈ કાકડિયા, ૧૦ વર્ષીય પુત્રી આસ્થા અને ૫ વર્ષીય પુત્ર હિયાનના ગુમ થયા અંગેની ફરિયાદ હાલ કામરેજ પોલીસ મથકે નોંધાવી છે.

## ઓડિશાથી અપહૃત સગીરા ઓલપાડમાંથી મળી: સુરત ગ્રામ્ય પોલીસે આરોપી સાથે સગીરાને શોધી કાઢી



**આરોપી ગણેશ કુના બારીક તેને લલચાવી-ફોસલાવીને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભાગી ગયો હતો.**

ઓલપાડ- સુરત ગ્રામ્ય પોલીસે ઓડિશાથી અપહરણ કરાયેલી એક સગીરાને ઓલપાડના અટોદરા વિસ્તારમાંથી શોધી કાઢી છે. આ કેસમાં આરોપી ગણેશ કુના બારીક (ઉંમર ૨૨) ની પણ ધરપકડ કરવામાં આવી છે. સગીરા અને આરોપી બંનેને ઓડિશા પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઓડિશા રાજ્યના નીહલપ્રસાદ પોલીસ સ્ટેશનમાં ૧૪/૦૩/૨૦૨૬ના રોજ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭ (૨) હેઠળ અપહરણનો ગુનો નોંધાયો હતો. ફરિયાદ મુજબ, ૧૩ માર્ચના રોજ એક સગીરા ગામમાં કામ અર્થે ગઈ હતી, ત્યારે આરોપી ગણેશ કુના બારીક તેને લલચાવી-ફોસલાવીને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભાગી ગયો હતો.


ઓલપાડ પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે આ ગુનાનો આરોપી અને ભોગ બનનાર સગીરા ઓલપાડના અટોદરા વિસ્તારમાં છે. પોલીસ ઇન્સ્પેક્ટર સી.આર. જાદવે તાત્કાલિક ટીમ બનાવી તપાસ શરૂ કરાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સીસની મદદ લીધી હતી.

દરમિયાન, સર્વલન્સ સ્ટાફને ખાનગી બાતમીદારો પાસેથી માહિતી મળ્યા બાદ, પોલીસે ઓલપાડના અટોદરા ખાતે આવેલી ગૃહમ સોસાયટીમાં દરોડો પાડી આરોપી અને સગીરાને શોધી કાઢ્યા હતા. પોલીસ પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે તે સગીરાને લલચાવીને છેલ્લા ૨ મહિનાથી અહીં લઈ આવ્યો હતો. ઓલપાડ પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે. ભોગ બનનાર સગીરા અને આરોપી બંનેનો કબજો ઓડિશા પોલીસને સોંપવાની તજવીજ હાલ ચાલી રહી છે.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઇંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે. આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)